# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 26-12-2024** **Evening : 7.10 to 7.20 pm**
**Day : Thursday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **રીટા દવે** વાંચે છે.

---

1. અમદાવાદના દિવ્યાંગજન ઓમ વ્યાસને રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂના હસ્તે વીર બાળ પુરસ્કાર એનાયત
2. મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે વીર બાળ દિવસ પ્રસંગે અમદાવાદના થલતેજ ગુરુદ્વારામાં પુજા અર્ચના કરી
3. પાણી પુરવઠામંત્રી કુંવરજી બાવળીયાએ જણાવ્યું કે, ડાંગ જિલ્લામાં વધુ સંખ્યામાં ચેકડેમ અને વિયર બનાવવા સરકાર પ્રયત્નશીલ
4. વર્ષ 2023ના અંતિમ સપ્તાહમાં કચ્છના પર્યટન સ્થળોએ દેશવિદેશમાંથી પર્યટકોનો ધસારો
5. રાજ્યમાં કેટલાંક સ્થળોએ આજથી ત્રણ દિવસ દરમિયાન ગાજવીજ સાથે વરસાદ અને કરાની શક્યતા

-------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)
(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

## VEER BAL DIVAS – OM VYAS

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ આજે વીર બાળ દિવસ પ્રસંગે નવી દિલ્હીમાં દેશના 17 બાળકોને તેમની વિશેષ સિદ્ધિઓ બદલ પ્રધાનમંત્રી રાષ્ટ્રીય બાળ પુરસ્કાર એનાયત કર્યા હતા. જેમાં અમદાવાદના યુવક ઓમ જિજ્ઞેશ વ્યાસનો સમાવેશ થાય છે. 17 વર્ષીય ઓમ દિવ્યાંગ છે, તેમને કળા તેમજ સંસ્કૃતિ ક્ષેત્રે આ પુરસ્કાર એનાયત કરાયો છે.

ઓમ વ્યાસ સેરેબ્રલ પાલ્સી એમઆર-90 ટકાથી પિડીત છે. તેમને સુંદરકાંડ અને ભગવદ્ ગીતા સહિત 5 હજારથી વધુ સંસ્કૃત શ્લોક કંઠસ્થ છે. અનેક પડકારો છતાં તેમણે સમગ્ર ભારતમાં 500થી વધુ સ્ટેજ શો કર્યા છે અને દિવ્યાંગજન તરીકે અનેક ભક્તિગીત પાઠ માટે રેકોર્ડ બુકમાં 18 નામાંકન પ્રાપ્ત કર્યા છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ઓમ વ્યાસની સિદ્ધિઓની પ્રશંસા કરીને ગુજરાતનું ગૌરવ વધારવા માટે અભિનંદન પાઠવ્યા છે.

આ અંગે ઓમના પિતાએ આકાશવાણી સાથેની વાતચીતમાં આ મુજબ જણાવ્યુઃ

(BYTE – જિજ્ઞેશ વ્યાસ, ઓમના પિતા)

--------------

## Veer Bal Divas - DISTRICT

આજે રાજ્યભરમાં વીર બાળ દિવસ મનાવવામાં આવ્યો. મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે અમદાવાદના થલતેજ ગુરુદ્વારામાં પુજા અર્ચના કરીને ગુરુ ગ્રંથ સાહેબના દર્શન કર્યા હતા. મુખ્યમંત્રીએ લંગરમાં ભાગ લઈ ભક્તોને પ્રસાદ ભોજનનું વિતરણ કર્યું હતું અને વીર બાળકોનાં જીવન અને શહાદતને યાદ કરાવતું પ્રદર્શન નિહાળી કિર્તનમાં ભાગ લીધો હતો.

આજે ભારતીય જનતા પાર્ટી દ્વારા જિલ્લા સ્તરે પણ આ દિવસ મનાવવામાં આવ્યો. મહીસાગર જીલ્લાના લુણાવાડામાં આયોજિત આ કાર્યક્રમમાં વીર શહીદ સાહિબજાદા જોરાવરસિંહ અને ફતેસિંહજીની શૌર્યગાથાના પ્રસંગો વર્ણવતી પ્રદર્શનીનું આયોજન કરવામાં આવ્યું હતું.

ડાંગ જિલ્લાનાં વઘઈ ખાતે જિલ્લા કક્ષાનો અને આહવા અને સુબીર ખાતે તાલુકા કક્ષાનો કાર્યક્રમ યોજાયો હતો. અંકલેશ્વરમાં નવી નગરી પાસે ગુરુદ્વારા ખાતે ગુરુવાણીનું વાંચન કરવામાં આવ્યું હતું.

--------------

## VIYAR LOKARPAN-DANG-KUVARJI BAVALIYA

ડાંગ જિલ્લાના વાહુટીયા ગામે પાણી પુરવઠામંત્રી કુંવરજી બાવળીયાના હસ્તે 5.97 કરોડ રૂપિયાના ખર્ચે નિર્માણ પામેલા 'વાહુટીયા -૧ વિયર' નું લોકાર્પણ કરવામાં આવ્યું.

આ પ્રંસગે મંત્રીશ્રીએ  જણાવ્યું કે, રાજ્યમાં સૌથી વધારે વરસાદ ધરાવતા ડાંગ જિલ્લામા વધુમા વધુ સંખ્યામા ચેકડેમ અને વિયર બનાવી, સિંચાઈ માટે

પાણી રોકી, લોકોને ખેતી તરફ પ્રેરિત કરવા સરકાર સતત પ્રયત્નશીલ છે. આ વિશે વધુ માહિતી આપી રહ્યાં છે પાણી પુરવઠા મંત્રી કુંવરજી બાવળિયા..

(BYTE – KUNVARJI BAVALIYA)

--------------

## KRUSHI SAMMELAN-RAAJYAPAL-JAMNAGAR

પ્રાકૃતિક કૃષિ અભિયાનને રાજ્ય સરકારે વિશેષ ઝુંબેશ તરીકે સમગ્ર રાજ્યમાં અમલી બનાવ્યું છે. આજે જામનગરના સીદસર ખાતે યોજાયેલા વિરાટ કૃષિ સંમેલનમાં રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ પોતાના સંબોધનમાં આ મુજબ જણાવ્યું. તેમણે ઉમેર્યું કે પ્રાકૃતિક કૃષિ જ જંતુનાશક દવાઓથી ઝેરયુક્ત બનેલી ધરતીને અને બિન આરોગ્યપ્રદ ઉત્પાદનોથી માનવજાતને બચાવી શકશે.

આ પ્રસંગે કૃષિ મંત્રી રાઘવજી પટેલે પ્રાકૃતિક કૃષિ પર ભાર મુકતાં જણાવ્યું હતું કે આવનારી પેઢીને સ્વચ્છ અને સ્વસ્થ ભવિષ્ય આપવું હશે તો આજથી જ પ્રાકૃતિક કૃષિ તરફ વળવું અનિવાર્ય છે.

--------------

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ

ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

.....................................

## SWAGAT ONLINE - DISTRICT

અમદાવાદ ખાતે ચાલુ માસનો જિલ્લા કક્ષાનો 'સ્વાગત કાર્યક્રમ' યોજાયો. જિલ્લા વિકાસ અધિકારીના અધ્યક્ષસ્થાને યોજાયેલ આ ફરિયાદ નિવારણ કાર્યક્રમમાં 23 જેટલા અરજદારોના વિવિધ પ્રશ્નોનું સ્થળ પર જ નિરાકરણ કરવામાં આવ્યું હતું.

સાબરકાંઠા જિલ્લા કલેક્ટરની અધ્યક્ષતામાં યોજાયેલ જિલ્લા કાર્યક્રમમાં જમીન દબાણ, જમીન સર્વે, પ્લોટ ફાળવણી વગેરે જેવા 16 પ્રશ્નોનું હકારાત્મક નિરાકરણ કરવામાં આવ્યું હતું.

બીજી તરફ તાપી તેમજ ગીરસોમનાથમાં જિલ્લા કક્ષાનો સ્વાગત કાર્યક્રમ યોજાયો. જેમાં લોકોના પ્રશ્નોનું સ્થળ પર હકારાત્મક નિવારણ કરવામાં આવ્યું.

--------------

## Kutch Tourism

વર્ષ 2024નું અંતિમ સપ્તાહ ચાલી રહ્યું છે ત્યારે દેશ વિદેશનાં પર્યટકો કચ્છની મુલાકાતે આવી રહ્યા છે. કચ્છમાં સફેદ રણ સહિતનાં વિવિધ આકર્ષણો પ્રવાસીઓનું આકર્ષણનું કેન્દ્ર બન્યું છે. આ અંગે પ્રસ્તુત છે અમારા કચ્છ જિલ્લાના પ્રતિનિધી હેમાંગ પટણીનો અહેવાલ....

(VC - HEMANG PATTNI, PTC)

--------------

## BEHIVES-COLONY-BAAGAYAT -MAHISAGAR

મહીસાગર જીલ્લાના આદિજાતિ વિસ્તારમાં બાગાયત વિકાસ કાર્યક્રમ હેઠળ મધમાખી પાલકોને વિનામુલ્યે મધપૂડા તેમજ મધમાખીની પેટી પુરી પાડવા માટે આગામી 23 જાન્યુઆરી 2025 સુધી આઇ ખેડુત પોર્ટલ ખુલ્લુ મૂકવામાં આવ્યું છે. લાભ લેવા માંગતા ખેડુતોને ઇ-ગ્રામ પંચાયત કેન્દ્રમાં જરૂરી પૂરાવાઓ સાથે અરજી કરવાનું બગાયત નિયામકની કચેરી, લુણાવાડા, મહીસાગરની એક યાદીમાં જણાવવામાં આવ્યું છે.

--------------

## Batata Agri management

સાબરકાંઠા જિલ્લામાં નાયબ બાગાયત નિયામકની કચેરી તથા ગ્રીન ટીવીના સહયોગથી હિંમતનગર તાલુકાના તખતગઢ ખાતે બટાકા પાકમાં વ્યવસ્થાપન અને આધુનિક કૃષિ ટેકનોલોજી વિષય પર એક દિવસીય સેમીનારનું આયોજન કરવામાં આવ્યુ હતું. જેમાં હિંમતનગર તાલુકાના ૨૫૦ થી વધુ ખેડૂતોએ ભાગ લીધો હતો.

નાયબ બાગાયત નિયામક ડી એમ પટેલે સાબરકાંઠા જિલ્લામાં ઉભરતા નવા બાગાયતી પાકો તેમજ બાગાયત ખાતાની વિવિધ યોજનાઓ તેમજ પ્રાકૃતિક ખેતી વિશેની માહિતી આપી હતી.

આ સેમિનારમાં વિવિધ સ્ટોલનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

--------------

## Weather

રાજ્યનાં હવામાનમાં આજથી પલ્ટો આવતા વાદળછાયું વાતાવરણ સર્જાયું છે. છેલ્લાં 24 કલાક દરમિયાન રાજ્યમાં સૌથી ઓછું 9.8 ડિગ્રી લઘુતમ નોંધાયું હતું, વડોદરા શહેરમાં ગત રાત્રિએ લઘુત્તમ તાપમાન 19 ડિગ્રી, અમદાવાદમાં 18.6 ડિગ્રી, સુરતમાં 18.4 ડિગ્રી રાજકોટમાં 11 ડિગ્રી તાપમાન નોંધાયું હતું.

હવામાન વિભાગે આજથી ત્રણ દિવસ મધ્ય ગુજરાતને બાદ કરતા રાજ્યના વિવિધ જિલ્લાઓમાં હળવાથી મધ્યમ વરસાદની અને કરા પડવાની શક્યતા વ્યક્ત કરી છે. જે વિસ્તારમાં વરસાદની શક્યતા છે ત્યાં ગાજવીજ સાથે 30 થી 40 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાવાની સાથે વીજળીના ચમકારાનો પણ અનુભવ થશે. આવતીકાલે છોટાઉદેપુર, નર્મદા, તાપી અને ડાંગમાં કરા પડી શકે છે.

હવામાન વિભાગના વડા એ કે દાસે વધુ માહિતી આપીઃ

(BYTE - A K Das)

--------------

## Narmada Saras Melo

અન્ન અને નાગરિક પુરવઠા મંત્રી ભીખુસિંહ પરમારના હસ્તે સ્ટેચ્યુ ઓફ યુનિટીના સાનિધ્યમાં ડેમ વ્યૂ પોઈન્ટ- એકતાનગર ખાતે ગુજરાત લાઈવલીહુડ પ્રમોશન કંપની.લી અને જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી દ્વારા આયોજિત પ્રાદેશિક સરસ મેળો-૨૦૨૪નો પ્રારંભ કરાવ્યો હતો.

આ મેળો  પાંચ જાન્યુઆરી-૨૦૨૫ સુધી ચાલશે, જેમાં ગુજરાતભરના અલગ-અલગ જિલ્લાઓમાંથી 55 સ્વસહાયજૂથોની 100 જેટલી બહેનો દ્વારા સ્ટોલ અને હાથે બનાવેલી ચીજવસ્તુઓનું પ્રદર્શન કમ વેચાણ કરવામાં આવશે.

-------------